# ૧૯ ઓગષ્ટ –૨૦૧૬ (શુક્રવાર)

**(૧) વર્લ્ડ ફોટોગ્રાફી ડે.**

**(૨) સાક્ષી મલીક : કુસ્તી**

- ભારતની કુસ્તીબાજ સાક્ષી મલીકે ૫૮ કિગ્રા વજન વર્ગમાં બ્રોન્ઝ મેડલ જીતીને ઇતિહાસ રચ્યો.
- રક્ષાબંધનની ઉજવણીને વધુ યાદગાર બનાવવા સાક્ષીએ દેશને બ્રોન્ઝ મેડલની ભેટ આપી.
- સાક્ષીએ બ્રોન્જ મેડલના મુકાબલામાં કિર્ગીસ્તાનની તીનીબેકોવા સામે ૮–૫ થી વિજય મેળવ્યો.
- સાક્ષી ઓલિમ્પિક કુસ્તીમાં ભારતને મેડલ અપાવનારી ભારતની સૌપ્રથમ મહિલા.
- ઓલિમ્પિકના ઇતિહાસમાં ભારતે કુલ મળીને ૨૫મો મેડલ મેળવ્યો.
- હરિયાણાની સાક્ષી રેલવેમાં સિનિયર ક્લાર્ક તરીકે ફરજ બજાવે છે.
- ઉત્તરપ્રદેશ સરકાર સાક્ષીને રાણી લક્ષ્મીબાઇ એવોર્ડ એનાયત કરશે.
- સાક્ષી માટે જાહેર થયેલા ઇનામો :

| રૂપિયા | આપનાર |
|---|---|
| અઢી કરોડ રૂા. | હરિયાણા સરકાર |
| સાઇઠ લાખ રૂા. | રેલવે |
| વીસ લાખ રૂા. | રમત મંત્રાલય |
| વીસ લાખ રૂા. | ભારતીય ઓલિમ્પિક સંઘ |
| પંદર લાખ રૂા. | ઔદ્યોગિક ગ્રૃપ |

ત્રણ લાખ અગિયાર હજાર રૂા. –ઉત્તરપ્રદેશ સરકાર

એક લાખ એક હજાર રૂા.– સલમાન ખાન

**(૩) રણથંભોરની મહારાણી – વાઘણનું અવસાન :**

- રાજસ્થાનમાં આવેલા રણથંભોર નેશનલપાર્કની 'મછલી' નામની વાઘણનું અવસાન.
- રણથંભોરની મહારાણી ગણાતી મછલી ૧૯ વર્ષ કરતા વધુ વયની હતી.
- ચહેરા પર ટી આકારનો ડાઘ હોવાથી તેનું નામ ટી–૧૬ પણ હતું.
- તળાવ આસપાસ જ વધારે સમય રહેતી મછલી લેડી ઓફ ધ લેક નામે પણ ઓળખાતી
- વર્ષ ૨૦૧૩માં તેના માનમાં ટપાલ ટીકીટ પણ બહાર પાડી હતી.

**(૫) વિશ્વ માનવતા દિવસ**

- વર્ષ ૨૦૦૮માં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ વિશ્વ માનવતા દિવસ ઉજવવાની શરૂઆત કરી હતી.
- ઉદ્દેશ્ય : માનવતા માટે સમર્પિત થનાર લોકોને સન્માનિત કરવાનો.

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧